પત્ર નં.સુડા/યુ.૩/ટીપીએસ–૨૬(આભવા) / ૩૬૪૦ /૦૮/૨૦૦૭

પ્રતિ,
અગ્રસચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિમાર્ણ વિભાગ,
સચિવાલય,
ગાંધીનગર.

વિષય : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬(આભવા) સુડા : સુરત. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ ૪૮(૧) મુજબ રાજ્ય સરકારશ્રીને મંજુરી અર્થે સાદર કરવા બાબત.

મહાશય,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સત્તામંડળ દ્વારા મોજે : આભવા વિસ્તારના વિકસી રહેલ વિસ્તારમાં નગર રચના યોજના બનાવવાની જરૂરીયાત જણાતા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧(૧) હેઠળ ઉક્ત વિસ્તારમાં, નગર રચના યોજનાં વિસ્તાર માટે મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર સાથે રૂબરૂ ચર્ચા વિચારણા તથા લેખિતમાં પરામર્શ કરેલ જે અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી તેમના પત્ર નંબર નરયો (સુચિત)/ ૨૬(આભવા) / કલમ–૪૧(૧)– પરામર્શ/દ.ગુ./૧૬૭૮ તા. ૧૫/૦૪/૨૦૦૬ થી પ્રસ્તુત નગર રચના યોજનાની નકકી કરેલ હદ માટે શરતોને આધિન અનુમોદન આપેલ છે. જે અન્વયે સુરત શહેરી વિકાસ સત્તામંડળની તા. ૦૯/૦૬/૨૦૦૬ ની બોર્ડ બેઠક નં. ૨૦૧ ના ઠરાવ નં. ૨૪૮૬ થી (નકલ સામેલ છે.) ઉક્ત અધિનિયમની કલમ–૪૧ હેઠળ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ, જેના અનુસંધાને દૈનિક વર્તમાનપત્ર "ગુજરાત સમાચાર" તા.૨૮/૬/૦૬ તથા "સંદેશ" ની તારીખ : ૨૭/૦૬/૨૦૦૬ (નકલ સામેલ છે) તથા સ્થાનિક મહત્વની કચેરીઓ અને સંબંધિત વિસ્તારની મહત્વની જગ્યાઓ ઉપર (નકલ સામેલ છે.) પણ ઈરાદો જાહેર કરતાં અધિસુચનની પ્રસિધ્ધિ આપવામાં આવેલી તથા ગુજરાત સરકારશ્રીના એક્સ્ટ્રા ઓડીનરી ગેઝેટ ભાગ–૨ માં તારીખ ૨૬/૦૬/૨૦૦૬ ના પાના નંબર ૧૨૬, ૧૨૭ ઉપર (નકલ સામેલ છે.) જરૂરી પ્રસિધ્ધિ આપવામાં આવેલ તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં તા. ૨૯/૦૬/૨૦૦૬ ના પત્ર ક્રમાંક : સુડા/યુ.૩/ ટી.પી.એસ. ૨૬(આભવા)/૩૯૪૩ થી અધિસુચનની નકલ મોકલી સરકારશ્રીને જાણ કરેલ છે. (નકલ સામેલ છે.)

ઉક્ત પ્રસિધ્ધ થયેઈરાદા મુજબ, નકકી થયેલ વિસ્તાર માટે, જરૂરી મોજણીઓ/ માહિતી/કાર્યવાહીઓ પૂર્ણ કરીને સત્વરે સત્તામંડળ દ્વા ઉક્ત અધિનિયમની કલમ–૪૨(૧) મુજબ તૈયાર કરેલ નગર રચના યોજનાનો મુસદ્દો/દરખાસ્તો માટે ગુજરા નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમો–૧૯૭૯ ના નિયમ–૧૭ મુજબ જમીન માલિકોની સભા (ઓન- મીટીંગ) બોલાવવાનું નકકી થતાં, તે અંગે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો "ગુજરાત સમાચાર" તથા "નવનિમ" માં તા. ૨૬/૦૪/૨૦૦૭ ના રોજ જાહેરાત આપેલ (નકલ સામેલ છે) સદરહુ નિયમમાં જણાવ્યા પ્રમાણે મીન માલિકોના ઉપલક્ષમાં સંબંધકો કે જેનાં સરનામાની જાણ હતી તેને વ્યક્તિગત રીતે નોટીસ પાઠવીને તથા સંબંત વિસ્તારનાં મહત્વની જગ્યાઓએ આ અંગેની જાહેર સુચનાની પ્રસિધ્ધિ કરીને પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.(ના સામેલ છે) જે મુજબ તા.૦૩/૦૫/૨૦૦૭ ગુરુવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે, જ્ઞાનદીપ હાઈસ્, આભવા, ગ્રામ પંચાયત કચેરી પાછળ, આભવા ગામ, જિ.સુરત મુકામે જમીન માલિક/હિત સંબધિતોની ીટીંગ બોલાવેલ હતી, અત્રેના તા.૦૫/૦૩/૨૦૦૭ ના પત્રથી સ્કીમની પ્રસિધ્ધીની મુદ્દત ત્રણ માસ તા.૨૬/૦૩/૨૦૭ થી વધારવા દરખાસ્ત કરેલ, જે સરકાશ્રીના હુકમ નં.નરય/૧૪૦૭/૨૫૫૪–લ. તા.૨૩/૦૪/૨૦૦૭ થી વારવામાં આવેલ, જે બાદ બોર્ડ બેઠક નંબર ૨૦૪ તા.૨૩/૦૨/૨૦૦૭ માં થયેલ ઠરાવ નં.૨૫૩૧ થી મુખ્ય કાબારી અધિકારીશ્રીને અધિકૃત કર્યા મુજબ જરૂરી કાર્યવાહી કરી ઉક્ત અધિનિયમની કલમ–૪૨(૧) મુજબ, મુદ્દારૂપ નગર રચના યોજના પ્રસિધ્ધ કરવા અને ઉક્ત અધિનિયમની કલમ ૪૨(૧) મુજબ મુસદ્દારૂપ નગર રચના યજના અંગે જાહેરજનતાના વાંધા સુચનો મંગાવવા માટે તા.૦૭/૦૬/૨૦૦૭ ના અધિસુચન થી પ્રસિધ્ધ કરવામાં આલ (નકલ સામેલ છે.) જેના સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો સંદેશ તથા ગુજરાતપ્રભામાં તા.૦૮/૦૬/૦૭ થી (નલ સામેલ છે.) પણ પ્રસિધ્ધિ આપવામાં આવેલ, તથા ગુજરાત સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટના ભાગ-૨ માં તા.૦૭/૦૬/૨૦૦૭ ના પાના નં. ૧૨૧, ૧૨૨ ઉપર પ્રસિધ્ધ પામેલ છે.(નકલ સામેલ છે.) જે અન્વયે ઓનર્સ મીટીંગ બાદ, સ્કીમ પ્રસિધ્ધિની સમય મર્યાદા સુધીમાં મળેલ વાંધાસૂચનો અને સમય મર્યાદા એટલે કે તા. ૦/૦૬/૨૦૦૭ સુધીમાં મળેલ વાંધાસુચનોની વિચારણા/પૃથ્થકરણ વિગેરે કરીને તેમજ સ.નં. ૩૩૬, ૩૨૭, ૩૩૫, ૩૨, ૪૯૩/૫, ૪૯૩ માંથી પસાર થતા ડી.પી.રોડની એલાઈમેન્ટ હયાત સ્થળ સ્થિતી ધ્યાને લઈ સદરહું સ્કીમમાં ફેરફાર દર્શાવી પ્રસ્તુત સ્કીમ પ્રસિધ્ધ થયાની તારીખથી ઉક્ત કાયદાની કલમ–૪૮(૧) હેઠળ જરૂરી સાહિત્ય વિગેરે સહ સત્તમંડળના તા.૨૧/૦૭/૨૦૦૭ ની બોર્ડ બેઠક નં.૨૦૬ ના ઠરાવ નં.૨૫૬૧ મુજબ, પ્રસ્તુત નગર રચના યોજનાની આગળની તમામ, કાયદેસરની કાર્યવાહી કરવા આપેલ સુચના અન્વયે સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬(આભવા) : સુડા : સુરત. ગુજરાત નગર નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવે છે અને આ સ્કીમ અન્વયેના જરૂરી સાહિત્ય તથા મળેલ વાંધા સુચનો (અસલ એક અરજીસાથે) સામેલ રાખી રાજ્ય સરકારશ્રીને તથા અસલ અરજીની ઝેરોક્ષ નકલો પૃથ્થકરણ કરી અન્ય સેટમાં સામેલ સુધારા સહીત મંજુરી અર્થે સાદર કરવામાં આવે છે.

વધુમાં વિકાસ યોજનાનો વિભાગીય નકશો નગર રચના યોજનાની હદ સહિત આ સાથે સામેલ રાખેલ છે.

આ યોજનામાં સમાવિષ્ટ થયેલ જમીનો/હદ વિસ્તાર અંગે અથવા યોજના મંજુર કરવા બાબતે નામદારકોર્ટનો કોઈ મનાઈ હુકમ થયેલ જણાતો નથી તેમજ હાલે કોઈ કોર્ટ મેટર પણ ચાલુ નથી.

સદર હકીકતે, ઉક્ત યોજનાને કાયદાની કલમ–૪૮(૨)ની જોગવાઈઓએ નિયત સમયમર્યાદામાં રાજ્ય સરકારશ્રીની મંજુરી આપી અને તેને અંતિમ કરવા સારુ નગર આયોજન અધિકારીની નિમણૂંક કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

બિડાણ :

(૧) ઉપર મુજબ પાન નં.૧ થી ૩

(૨) મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો આમેજ કરતો ચોપડો નંગ–૧ જેમાં

- (ક) લીગલ ફોમાલીટીઝ અને ડોક્યુમેન્ટસ
- (ખ) ઈન્ટ્રોડકશન અને સેઈલન્ટ ફીચર્સ
- (ગ) વેલ્યુએશન સ્ટેટમેન્ટ અને કપાતના ધોરણનું પત્રક
- (ઘ) સેલ્સ સ્ટેટમેન્ટ
- (ચ) ફોર્મ–એફ (રીડીસ્ટ્રીબ્યુશન અને વેલ્યુએશન પત્રક)
- (છ) ફોર્મ–જી(ફાયનાન્સ અને કામના અંદાજો)
- (જ) વિકાસ નિયંત્રણ નિયમો/નોંધ
- (ઝ) ઈન્ડેક્ષ પ્લાન
- (ટ) મુળખંડનો નકશો
- (ઠ) મુળખંડ તથા અંતિમખંડનો નકશો
- (ડ) અંતિમખંડનો નકશો
- (ઢ) સર્વિસીસ પ્લાન અને
- (ણ) સેલ્સ પ્લાન

(૩) જાહેર જનતા તરફથી મળેલ વાંધાસુચનોની મુળ અરજીઓ (સેટ–૧) તથા અન્ય એક સેટ ઝેરોક્ષ પૃથ્થકરણ પત્રક સાથે.

(૪) વિકાસ યોજનાનો વિભાગીય નકશાની નકલ.

(હેડ ક્લાર્ક) ૬/૯/૦૭

નકલ સવિનયસહ રવાના ::–

(૧) મુખ્ય નગર નિયોજકશ્રી,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર તરફ બિડાણ–૧ તથા બિડાણ–૨ ની બે–બે નકલો સહિત તથા બિડાણ–૩ ના એક સેટ સહિત આથી સરકારશ્રીમાં સ્કીમ મંજુર કરવા ભલામણ કરવા તથા એક્ટની કલમ–૫૦ ના સુધારેલ કાયદા મુજબ નગર રચના અધિકારીની નિમણૂંક કરવા બાબત યોગ્ય થવા સારૂં.

(૨) પ્રવર નગર નિયોજકશ્રી,
પ્રાદેશિક કચેરી,
દક્ષિણ ગુજરાત વિભાગ,
વડોદરા તરફ બિડાણ–૨ ની એક નકલ તથા બિડાણ–૩ ના એક સેટ સહિત આગળની કાર્યવાહી થવા સારૂં.

૬/૯/૦૭